# -: દૌરે સતર અને દૌરે ઝુહૂર :-

અલ્લાહતઆલાના વલીયોના મોઅજીઝા ખુલ્લા તરીકા પર યા મખ્ફી તરીકા પર ઝાહિર થાતા રહ્યા છે. આપની ઝાહિરી અને બાતિની નિશાનીઓ એ મુજબ જોવા મીલે છે કે જે વક્ત જાહિલ લોગો જોઈ છે તો એનાથી મરઊબ-મદહોશ થઈ જાય છે અને જે વક્ત આકિલ લોગો જોઈ છે તો તેઓના યકીન, બસીરત અને માઅરેફતમાં ઈઝાફો થાય છે. હર મકાન, ઝમાન, દૌર અને વકતમાં દુશ્મનોની બગાવત અને અદાવતની કુવત ઝાહિર થઈ છે અને જે વક્ત છઠ્ઠા સાહબની વફાત અને સાતમાના ઝુહૂરનો વક્ત કરીબ હોય છે તે વક્ત સાહબે દૌરના ઈબ્લીસોની અઝીમ તાકત અને શદીદ ઝુલ્મત તેમના દૌરના નૂરના સબબ ઝિયાદહ થાય છે અને ઈબ્લીસ તાકતવર થાય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છઠ્ઠા નાતિક હતા અને આપના ઝમાનમાં મૌલાના અલી (અ.સ.) સાતમાં નાતિકની શાનમાં અને કાઈમુલ કિયામાની શાનમાં હતા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"અલ્લાહતઆલાએ કયામત અને મને સાથે ઉઠાડા અને જે વક્ત કે કયામત મારાથી આગલ થાતી હતી તો હું તેનાથી મુકદ્દમ થઇ ગયો. કેમકે કયામતના કાઇમનું નામ મોહમ્મદ છે અને એ ઇમામતના મરતબાના જમા કરનાર છે."** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાન બાદ ઈબ્લીસો કવી અને તાકતવર થયા અને ઈમામૈન હસનૈન (અ.સ.) ને શહીદ કીધા અને એ ઈબ્લીસો એમ ચાહતા હતા કે, અલ્લાહના નૂરને માંજી નાખે અને ઈમામ હુસૈન (અ.સ.) ના ફરઝંદોમાંથી ઈમામતના નૂરને પણ મિટાવી દે, પણ અલ્લાહતઆલાએ પોતાના નૂરને તમામ કીધું અને તેના વલીયોના અમરને ઝાહિર કીધું અને વલાયતના પરચમને બલંદ કીધું અને દુશ્મનોને પસ્ત કીધા. એકવીસમા ઈમામ મૌલાના અબુલ કાસિમ ઈમામ તૈયબ (અ.સ.) જે વક્ત સરીરે ઈમામત પર કાઈમ થયા તો દુશ્મનોનો હસદ ઈન્તેહા પર પહોંચો અને આપને મિટાવવાની કોશિષો અને કાવાદાવા શુરૂ થયા આપ તીસરા સાતરા યાઅની કે અશહાદના ઈમામોની ગીનતીના સાતમા છે અને રાકેઈન તેમજ સાજેદીનના કાઅબા છે. આપ ઈમામ મોઈઝ (અ.સ.) અને ઈમામ મોહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ (અ.સ.) ની શાનાતને ઝાહિર કરનાર છે, આપની પૈદાઈશની બશારત વીસમા ઈમામ મૌલાના આમિર (અ.સ.) એ યમનમાં આપના હુજજતે મશહૂરા મૌલાતના હુર્રતુલ મલેકાને લીખી ફરમાવી. **આપ ઇમામ તૈયબ (અ.સ.) ૪ રબીઉલ આખર પ૨૪ હીજરી માં આ ઝમીનની પીઠ પર પધારા.** ઈમામ આમિર (અ.સ.) ની શહાદત પ૨૬ હીજરી માં વાકેઅ થઈ, તો તે વક્ત આપના દોઆતે ઈમામ તૈયબ (અ.સ.)ના ઈસ્તેતારની તૈયારી-તમ્હીદ શુરૂ કરી દીધી. પ૨૮ હીજરીમાં ઈબ્ને મદયન અને અબુઅલી આપને હમરાહ ચંદ મુકેનીન મુમેનીનને લઈને સતરની ગુફામાં રૂપોશ થઈ ગયા. આપના ઈસ્તેતાર બાદ ખલ્કમાં ફતરતે અઝીમા (દૌર) આવી અને આપની ઔલાદના તમામ ઈમામો પણ તકીયાની કહેફમાં મસ્તૂર થઈ ગયા. આ આયત પઢતા હુવા કે, "રબ્બના આતેના મિલ્લદુનકા રહમતન વહય્યે લના મિન અમ્રેના રશદા." સૈયદના ઈદરીસ ઈમાદુદ્દીન (ક.રૂ.) આપની કિતાબ ઓયૂનુલ અખ્બારમાં અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) ની સનદથી અબ્દુલ્લાહ બિન સલામની રિવાયતમાં તહરીર ફરમાવે છે કે, ફિતનતો ત્રણ કિસ્મની છે, (૧) ફિતનતુસ્સર્રા (૨) ફિતનતુઝઝર્રા અને (૩) ફિતનતુત્તમહીસ. આ ત્રણ ફિતનતો બાદ હમારી ઈતરતમાંથી એક મર્દ ઝાહિર થાશે જેના હાથ પર અલ્લાહતઆલા તમામ ઉમૂરને દુરુસ્ત કરશે. (૧) **ફિતનતુસ્સર્રા** તે ફિતનત છે કે જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)ના વફાત બાદ કાએમા થઈ યાઅની કે સકીફાવાલાઓની ફિતનત. આ ફિતનત અઝીમ છે કે જે આપના અહલેબૈત (અ.સ.) થી દિલમાં અદાવત છુપાવીને ઉમ્મતના ફિતના પરવર ખિલાફતની કુર્સી પર ચઢી બેસા યહાં તક કે મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) પર દરવાઝો નાખો, કુરઆને કરીમના તાવીલના ઔરાકને જલાવા, મૌલાના અલી અમીરૂલ મુમેનીન પર ઝહેરીલી તલવાર ચલાવી અને આ જ ફિતનતમાં હસન (અ.સ.) ને ઝહેર આપું, હુસૈન (અ.સ.) ને કરબલાના મૈદાનમાં બુઠા ખંજરથી શહીદ કીધા, ફાતેમી ઈમામોના ફઝલો અઝમતને બનુ ઉમૈયાના ફીરઔનો મલઉનોએ ઢાંકી દીધા અને બનુ ઉમૈયાના બાદશાહોના ગલબાથી આસમાને હિદાયતના તારાઓ ગુરૂબ થઈ ગયા. (૨) **ફિતનતુઝઝર્રા** તે ફિતનત છે કે જેમાં બનુ અબ્બાસના જબ્બાર ખલીફાઓએ આલે મોહમ્મદ અને બની ફાતેમા (અ.સ.) પર ગલબો કીધો, નસ્લે અતહરને કતલ કીધી અને તે જબ્બારોનો ઝુલ્મો સિતમ અને ના ઈન્સાફી તેમજ અદાવત ઈન્તેહાં પર પહોંચી કે તમામ ઝુર્રીયતે રસૂલ (સ.અ.વ.વ.) ને દરબદર શહેર દર શહેર ફીરાવા જેથી બની ફાતેમાના સાતમા ઈમામ મોહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ (અ.સ.) અને આપના ત્રણ ફરઝંદો ઈમામ અબ્દુલ્લાહ (અ.સ.), ઈમામ અહમદ (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) મસ્તૂરીન થઈ ગયા યહાં તક કે મગરિબથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની પેશીનગોઈ મુજબ હકકના આફતાબનો તુલૂઅ થયો. ગુરૂબના બાદ અલ્લાહના વલીયોની મુસીબતો દૂર થઈ જે મુજબ ઐયુબ (અ.સ.) ને કરબે અઝીમથી રાહત મીલી. ઈમામ મેહદી (અ.સ.) હકકના પરચમના અલમ સાથે ઝુહૂર પીઝીર થયા અને અલ્લાહનું અહેસાન અને ફઝલ એ થયો કે આપના નૂરે અઝહરથી ઝુલ્મો સિતમની તારીકી ઝમીનમાંથી મિટી ગઈ. (૩) આખરી ફિતનત તે **ફિતનતુત્તમહીસ** છે જે એકવીસમા ઈમામ અમીરૂલ મુમેનીન અબુલ કાસિમ મૌલાના તૈયબ (અ.સ.) ના પરદે થાવાથી ઈબ્તેદા થઈ અને ફાતેમી દૌલત પર ગ્રાહણ લાગું. અલ્લાહતઆલા કુર્આને કરીમમાં ફરમાવે છે, **"લેયોમાહહેસલ લાહુલ્લઝીના આમનુ વયમહકલ કાફેરીન."** યાઅની કે અલ્લાહે મુમેનીનની તમહીસ કીધી (ખુલાસી કીધી) જેથી એના ગુનાહોને માંજીને એને પાક સાફ કરે અને કાફિરોને મિટાવે, હલાક કરે.

હક્કના ઈમામો પર હર ઝમાન અને દૌરમાં મુફસિદોનો ગલબો રહ્યો છે અને ઝાલિમોના ઝુલ્મો તશદદુદનો દૌર દૌરો રહ્યો છે જેમ અલ્લાહતઆલા રાત પછી દિન લાવે છે અને દિન પછી રાત લાવે છે તેમ જ ઈમામતના આફતાબનો ઝુહૂર પછી સતર અને સતર પછી ઝુહૂરનો ઝમાનો આવે છે. નબીયુલ્લાહ દાઉદ (અ.સ.) નો કૌલ છે કે **"મા કાના વસયકુનો વમા તાહતશ્શમસે શયઉન બે જદીદ,"** જે બનુ તે બનશે; જે માઅલુમ થયું તે માઅલુમ થાશે અને સૂરજ ના નીચે કોઈ ચીઝ નવી નથી. મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બારહા ફરમાવતા કે, "આગલી ઉમ્મતોમાં જે વાકેઅ થયું તે જ બના કરશે કદમ પર કદમ મીલાવીને જહાં તક કે પહાડોમાં ઘોની ગુફામાં જો ઉમ્મત દાખિલ થાશે તો તેને પાછલ બીજાઓ પણ દાખિલ થાશે. દૌરે ફતરતની તારીખ એ છે કે કાબીલ (લા.અ.) એ હાબીલ (અ.સ.) ને કતલ કીધા, નબીના વસીના કતલથી અમ્રે ઈમામતમાં ફતરત આવી હતી તેથી આદમ (અ.સ.) એ શીસ હેબતુલ્લાહને વસાયતના રૂત્બામાં કાઈમ કીધા અને શીસ આદમ (અ.સ.) ના ફરઝંદોના સાતમા હતા. નબીયુલ્લાહ ઈદરીસ (અ.સ.) ના વક્ત તક ઈમામત પરદામાં રહી યાઅની કે ફતરત જારી રહી યહાં તક કે આપે ઝુહૂર કીધો. તે બાદ નુહુન્નજીયુલ્લાહ ના વક્ત તક આ ફતરત રહી યહાં તક કે આપ ઝાહિર થયા કિશ્તી બનાવી, આપના તાબેઅ થાનારને સવાર કીધા અને મુખાલિફો દરિયાએ ઝલાલતમાં ગરક થયા. નુહ (અ.સ.) એ સામને વસી બનાવા ઈમામતમાં ફતરત જારી રહી. યહાં તક કે નબી હૂદ (અ.સ.) ઝાહિર થયા આપની દુશ્મન કૌમે આદ હતી જે આપના મુકાબલા પર આવીને મુખાલેફત કીધી આપને સતાવા, આપના બાદ દોબારા ફતરત આમ થઈ યહાં તક કે સાલેહ (અ.સ.) નો ઝુહૂર થયો. કૌમે સમૂદે સાલેહ (અ.સ.) નો ઈન્કાર કીધો આપની ઊંટણીને ઝબેહ કીધી અને ઝુલ્મના સબબ એ કોમ હલાક થઈ. તે બાદ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) નબી બના, અલ્લાહતઆલાએ આપને કિતાબ, હિકમત અને મુલ્કે અઝીમ બખ્શું. તે સબબ લોગો આપને થી હસદ કરવા લાગા. **આપના પહેલા વસી ઇસ્માઇલ ઝબીહુલ્લાહ (અ.સ.) ની ઔલાદે પાકમાંથી ઇમામત અને વસાયતનો સિલસિલો જારીયા રહ્યો અને આપ તમામ હિજાઝમાં રહેતા હતા અને અરબી ઝબાન બોલતા હતા.** આપના બીજા ફરઝંદ ઈસ્હાક (અ.સ.) માંથી યાઅકૂબ નબી થયા અને આ અંબિયા ઈબ્રાની ઝબાન બોલતા હતા. યૂસુફ (અ.સ.)ની શાહીના વકતથી નબીયુલ્લાહ શોએબ (અ.સ.) ના વક્ત તક ઈમામત મા ફતરતે અઝીમા વાકેઅ થઈ યહાં તક મુસા કલીમુલ્લાહ (અ.સ.) આપને મીલા. મુસા (અ.સ.) નબી અને રસૂલ બનીને ઝાહિર થયા અને ફિરઓનની ખુદાઈના દાઅવાની ફિતનતને દૂર કીધી. આપના વસી હારૂન (અ.સ.) ની વફાત બાદ યુશાઅ (અ.સ.) ને આપે વસી બનાવા તે બાદ પાછી ફતરત આમ થઈ યહાં તક દાઉદ નબી અલ્લાહના ખલીફા બનીને પધારા અને આપના દિકરા સુલે માન નબી આપની નુબૂવતના વારિસ થયા અને ઈલાહી મમ્લેકત તેમજ ઈલાહી દાઅવતને કાઈમ કીધી. આપના બાદ હસ્બે માઅમૂલ દોબારા ફતરત આવી અને નબી ઝકરીયાના ફરઝંદ યાહ્યા અને હઝરત મરિયમ બિન્તે ઈમ્રાનના ફરઝંદ ઈસા નબી બનીને આવા અને દોબારા હક્કનો ઝુહૂર થયો. તે પછી ફતરત જારી રહી યહાં તક અરબસ્તાનમાં જાહિલીયતનો ઝમાનો આવો અને કુરૈશી ખાનદાનમાંથી બનુ હાશિમના કબીલામાં ખાતિમુલ અંબિયા અને સૈયેદુલ મુરસલીન મોહંમદ મુસ્તફા (સ.અ.વ.વ.) આ જહાનમાં તશરીફ લાવા.

આપની ઈલાહી દાઅવત આલમગીર બની અને અલ્લાહતઆલાએ આપને પર નાઝિલશુદા કિતાબ કુરઆને કરીમને અને આપની ઝુર્રીયતે તાહેરામાં ઈમામતને કયામતના દિન તક બાકી રાખવાનો વાઅદો આપો. મઝકૂર અંબિયા ની તારીખમાં ઝમાનાના ચઢાવ અને ઉતાર સાથે ઝુહૂર અને સતર અને ફતરત આવતા રહ્યા. કેટલાક અંબિયા અને ઈમામોનો ફઝલ જહાનમાં આશકારો ઝાહિર થયો અને કેટલાકનો ફઝલ અને શાન મખ્ફી રહી. **અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે, "આલે રસૂલમાંથી એવા મરદ ઝાહિર થાશે કે જે ઝુલ્મની અંધારીઓને મિટાવશે."** સૈયદના જાઅફર ઈબ્ને મન્સૂરૂલ યમન (ક.રૂ.) આપના બાવાજીની સીરતની કિતાબમાં ફરમાવે છે કે, "જે વક્ત ઈમામનું પડદે થાવું વાકેઅ થાય તો એની દાઅવત મિટતી નથી, ભલેને એક જઝીરામાં પણ એના હુકુમથી યા એના ઉપર નસ કરનારના હુકુમથી દાઅવત કાઈમા હોય. એ ઈમામનો વુજૂદ એના દુઆતના વુજૂદથી છે કે જે દાઅવતે હાદીયાહના મનાસિકને, ફરઝ-સુન્નતને, હલાલ-હરામ ને કાઈમ કરતા હોય. ત્રણ મરતબાઓના વુજૂદથી એ કાઈમ થાય છે; દાઈએ મુત્લક, માઝૂને મુત્લક અને મુકાસિર. હવે એ ઈમામના બાબો (દરવાઝા), હુજ્જતો અને દુઆતે બલાગ તો પડદામાં એને સાથે જ રહે છે." સૈયદના ઈદરીસ ઈમાદુદ્દીન (ક.રૂ.) પોતાની કિતાબ ઝહરૂલ મઆનીમાં તહરીર ફરમાવે છે કે, "અગર કોઈ કહે કે આ બયાનથી મુરાદ ઈમામ તૈયબ (અ.સ.) થી છે, બીજું કોઈ નથી. તો એની શું દલીલ ?" આનો જવાબ એ કે, ઈમામ તૈયબ (અ.સ.) પછી બીજા કોઈ ઈમામ પડદે થયા નથી અને ઈમામ પડદાપોશીમાં હોય તો એના દુઆત દાઅવતના અમરને લોગો તક પહોંચાવવાનું કામ કરે છે જે જાઈઝ છે. કિતાબુલ જફ્રમાં અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) થી રિવાયત મકબૂલ છે કે, **"એક આઁખની પલકાર ભર પણ ઇમામત આ જહાનમાંથી ઉઠતી નથી કેમ કે એ જ આ ખલ્ક પર અલ્લાહની હુજ્જત છે.** અલબત્તા લોગોના ફસાદ અને સતામણીના સબબ અને હક્ક તેમજ સચ્ચાઈના ઝાહિર કરવાનો ડર રહેવાના સબબ ઈમામ (અ.સ.) હર હાલતમાં હક્કનો જ દાઅવો કરે છે; આપની હુકૂમત હોય યા ન હોય તો પણ હર હાલતમાં માઅરૂફો મુન્કરને અને અમરો નહ્ય ને ઝમાનામાં સાબિત કરે છે જે ઈમામત બાકી રહેવાની દલીલ છે અને આ હાલતમાં હક્કપરસ્ત દુઆતના ઝરીએ દાઅવતના લોગો તરફ ઈમામના ઈલ્મના ફાયદાઓ અને મવાદ પહોંચતા રહે છે, કેમ કે એ દુઆત ઈમામે હક્કથી રાબતો અને ઈત્તેસાલ રાખતા હોય છે. અને તેથી જ ખલ્ક પર ઈમામતની હુજ્જત સાબિત થાય છે અને દુશ્મનો હલાક થાય છે." ઈસ્લામના હનફી અને દીગર શીઆ ફિરકાના અકીદાની મિસિલ અપના તૈયેબી-ઈસ્માઈલી ફિરકાનો એ એઅતેકાદ નથી કે એના આખિરી ઈમામ જે પડદે થયા તે ઝિંદા છે અને એ જ ઝાહિર થાશે પણ અપનો આ અકીદો છે કે, **મૌલાના અબુલ કાસિમ ઇમામ તૈયબ (અ.સ.) અને આપના ઇસ્તેતાર બાદ આપના ફરઝંદોમાં ઇમામતનો સિલસિલો જારીયા અને સારીયા છે** અને એ જ સિલસિલો કયામતના દિન તક બાવાજી બાદ ફરઝંદમાં બાકી રહેશે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) ને મુખાતિબ થઈને ફરમાવે છે કે, **"ઇન્નમા અન્તા મુન્ઝેરૂન વલે કુલ્લે કૌમિન હાદ."** અય રસૂલુલ્લાહ, આપ (જહન્નમના અઝાબથી) ડરાવનાર છો અને હરએક કૌમ (ઝમાન) વાસ્તે એક હાદી છે. ★